# BLL
## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **General Studies** |
| **Advertisement No.** | **55,56,67,73,81,104,105,108,109,110,111,113, 115,118,119,120,121,122,123,124,125/(9998)/2024-25** |
| **Preliminary Test Held On** | **16-03-2025** |
| **Que. No** | **001-100** |
| **Publish Date** | **21-03-2025** |
| **Last Date to Send Suggestion (s)** | **26-03-2025** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 22-03-2025; 10:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શક્શે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. 'મહાભારત' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

**1.** મહાભારત રામાયણ કરતાં ઘણું નાનું છે.

**2.** મહાભારતમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં દાર્શનિક સિદ્ધાંતોનું વિવેચન કરવામાં આવ્યું છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

2. નીચે આપેલા જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| 1. કુમારસંભવ | a. વિશાખાદત્ત |
| 2. કાદંબરી | b. શુદ્રક |
| 3. મુદ્રારાક્ષસ | c. બાણ |
| 4. મૃચ્છકટિકમ્ | d. કાલિદાસ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|
| (A) | d | b | a | c |
| (B) | d | c | a | b |
| (C) | d | a | c | b |
| (D) | d | c | b | a |

3. આચાર્ય નાગાર્જુન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

**1.** તેમને ભારતીય રસાયણશાસ્ત્રના આચાર્ય માનવામાં આવે છે.

**2.** તેમણે 'રસરત્નાકર' અને 'આરોગ્યમંજરી' ગ્રંથો લખ્યાં હતાં.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

4. નીચેનાં વિધાનો પૈકી ક્યાં ગૌતમ બુદ્ધે આપેલા સિદ્ધાંતો છે?

1. સંસાર દુ:ખમય છે.
2. દુ:ખનું કારણ તૃષ્ણા છે.
3. દુ:ખનો નાશ તૃષ્ણાનો ત્યાગ છે.
4. અષ્ટાંગિક માર્ગ અપનાવવાથી તૃષ્ણાનો ત્યાગ થાય છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

5. આદિ શંકરાચાર્ય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

**1.** તેમણે દ્વૈતવાદનો સિદ્ધાંત આપ્યો.

**2.** તેમણે 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા'નું સૂત્ર આપ્યું.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

6 આર્યો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

**1.** આર્યો પ્રકૃતિપ્રેમી હતા.

**2.** આર્યોમાં માતૃમૂલક કુટુંબ પ્રથા પ્રચલિત હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

7. પટોળાં વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

**1.** પટોળાની બંને બાજુ એક જ ભાત દેખાતી હોઈ બંને બાજુ પહેરી શકાય છે.

**2.** તેના પરથી 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' કહેવત પ્રચલિત થઈ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

8. સ્વામિનારાયણ સંપ્રદાય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

**1.** સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામી હતા.

**2.** તેમનો જન્મ વડતાલમાં થયો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

9. નીચેનામાંથી GI ટેગ મેળવનાર વસ્તુઓ કઈ છે?

1. ખંભાતની સૂતરફેણી
2. ભાલિયા ઘઉં
3. ગીરની કેસર કેરી
4. જામનગરની બાંધણી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 2, 3, અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 3 અને 4

10. નીચે આપેલા જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| 1. સાંખ્ય | a. મહર્ષિ પતંજલિ |
| 2. ન્યાય | b. મહર્ષિ કણાદ |
| 3. યોગ | c. મહર્ષિ ગૌતમ |
| 4. વૈશેષિક | d. મહર્ષિ કપિલ |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|
| (A) | d | c | a | b |
| (B) | d | b | a | c |
| (C) | c | d | a | b |
| (D) | b | c | a | d |

11. 'મહાભિનિષ્ક્રમણ' વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગૌતમ બુદ્ધે સંસારનો ત્યાગ કર્યો તે બનાવ ઇતિહાસમાં 'મહાભિનિષ્ક્રમણ' તરીકે ઓળખાય છે.
2. મહાદેવ દેસાઇ દાંડીકૂચને 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખાવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

12. દારા શિકોહ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેમણે ભગવદ ગીતાનો ફારસી ભાષામાં અનુવાદ કરાવ્યો હતો.
2. તેમણે ઉપનિષદોનો 'સિર-એ-અકબર' નામે અનુવાદ કરાવ્યો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

13. વિનોબા ભાવે વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેઓ ભૂદાન યજ્ઞના પ્રણેતા હતા.
2. વ્યક્તિગત સત્યાગ્રહમાં ગાંધીજી તેમને પ્રથમ સત્યાગ્રહી તરીકે પસંદ કર્યા હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

14. નીચે આપેલા જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| 1. બાંસુરી | a. બિસ્મિલ્લાખાં |
| 2. સિતાર | b. હરિપ્રસાદ ચૌરસિયા |
| 3. શહેનાઈ | c. ઉસ્તાદ વિલાયતખાં |
| 4. સરોદ | d. ઉસ્તાદ અમજદઅલીખાં |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|
| (A) | d | c | a | b |
| (B) | b | d | a | c |
| (C) | c | d | a | b |
| (D) | b | c | a | d |

15. નીચેનામાંથી કયું સામાન્ય ઘરગથ્થુ ઉપકરણમાં એડીબેટીક સ્થિતિ જાળવવાનું ઉદાહરણ છે?

(A) પીણાંને ગરમ કે ઠંડા રાખતા થરમૉસ ફ્લાસ્ક

(B) રેફ્રિજરેટર ગરમીને સ્થાનાંતરિત કરીને ખોરાકને ઠંડો કરે છે

(C) રૂમનું તાપમાન જાળવતું એર કન્ડિશનર

(D) ખોરાક ગરમ કરવા માટે માઇક્રોવેવ

16. ડાઈસ્ટોલિક બ્લડ પ્રેશર શું છે?

(A) હૃદય સંકોચાય ત્યારે તેના પર પડતું દબાણ

(B) જ્યારે હૃદય હળવું હોય અને લોહીથી ભરેલું હોય ત્યારે તેના દ્વારા દબાણ

(C) હૃદયચક્ર દરમિયાન સરેરાશ દબાણ

(D) જ્યારે રક્ત પાછું હૃદય તરફ વહે છે ત્યારે નશોની અંદરનું દબાણ

17. ઇલેક્ટ્રિક વાહનો માટેના રાષ્ટ્રીય મિશન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અશ્મિભૂત ઈંધણનો વપરાશ ઘટાડવા અને ઉત્સર્જન ઘટાડવા માટે ઈલેક્ટ્રિકલ વાહનો માટેનું રાષ્ટ્રીય મિશન ભારત માટે મહત્વપૂર્ણ છે.

2. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય આ મિશન માટે અગ્રણી એજન્સી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

18. નીચેનામાંથી કયું મોટે ભાગે બિન-ડીપ ટેક સ્ટાર્ટઅપનું ઉદાહરણ છે?

(A) AI સંચાલિત ઓટોનોમસ ડ્રોન વિકસાવતી કંપની

(B) નવીન સબસ્ક્રિપ્શન આધારિત ભોજન વિતરણ સેવા ઓફર કરતું સ્ટાર્ટઅપ

(C) ક્વોન્ટમ ક્રિપ્ટોગ્રાફી સોલ્યુશનમાં વિશેષતા ધરાવતી પેઢી

(D) તબીબી ઉપકરણ માટે અદ્યતન નેનો સામગ્રી બનાવવાનો વ્યવસાય

19. ભારતીય હવામાન વિભાગ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ વર્ષે ભારતીય હવામાન વિભાગે દેશની સેવામાં 150 વર્ષ પૂર્ણ કર્યા છે.

2. ભારતમાં એન્ટાર્ટિકલમાં બે હવામાનશાસ્ત્રીય અવલોકન શાળાઓ છે, મૈત્રી અને ભારતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

20. ડો. એ પી જે અબ્દુલ કલામ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેઓ અગ્નિ અને પૃથ્વી મિસાઇલ સહિત ભારતના સ્વદેશી ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન (SLV) અને મિસાઈલ ટેકનોલોજીના ચાલક બળ હતા.

2. તેમના નેતૃત્વ હેઠળ ભારતે 1975 માં તેનો પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ લોન્ચ કર્યો જે ભારતની અવકાશ સંશોધનીમાં એક મહત્વપૂર્ણ ઘટના છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

21. ઈસરોના ગગનયાન મિશન નો મુખ્ય ઉદ્દેશ્ય શું છે?

(A) મંગળની ભ્રમણકક્ષામાં ઉપગ્રહ લોન્ચ કરવા
(B) માનવોને અવકાશમાં મોકલવા અને તેમને સુરક્ષિત રીતે પાછા લાવવાની ભારતની ક્ષમતા દર્શાવવી
(C) ભારત માટે કાયમી સ્પેસ સ્ટેશન સ્થાપવું
(D) NASA સાથે સંયુક્ત ચંદ્ર સંશોધન હાથ ધરવું

22. બાયોગેસ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં 50 કરોડથી વધુ પશુધન વસ્તીને ધ્યાનમાં રાખીને બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની પૂરતી સંભાવનાઓ છે.

2. બાયોગેસમાં લગભગ 15-20 ટકા મિથેન, 50-60 ટકા કાર્બન ડાયોક્સાઇડ, 5 થી 10 ટકા હાઇડ્રોજન સલ્ફાઇડ, અને અન્ય વાયુ જેવા કે નાઇટ્રોજન અને એમોનિયાનો સમાવેશ થાય છે.

3. બાયોગેસનો તેના કાચા સ્વરૂપમાં રસોઈ ઇંધણ તરીકે ઉપયોગ કરી શકાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

23. UPIનો અર્થ શો છે?

(A) યુનિક પેમેન્ટ ઈન્ટરફેસ
(B) યુનિફાઇડ પેમેન્ટ ઈન્ટરફેસ
(C) યુટિલિટી પેમેન્ટ ઇન્ટગ્રેશન
(D) યુનિવર્સલ પેમેન્ટ ઇન્ટગ્રેશન

24. યુનિફાઇડ મોબાઇલ એપ્લિકેશન ફોર ન્યુ એજ ગવર્નન્સ (UMANG) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

**1.** એપ્લિકેશન કેન્દ્ર રાજ્યો અને સ્થાનિક સંસ્થાઓની 200 થી વધુ ઈ ગવર્નન્સ સેવાઓનો એક્સેસ પ્રદાન કરે છે.

**2.** આ પહેલનો હેતુ ગ્રામીણ અને શહેરી ભારત વચ્ચેના ડિજિટલ વિભાજનને દૂર કરવાનો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

25. નીચેનામાંથી કયું રેફ્રિજન્ટ તેની ઓછી ગ્લોબલ વોર્મિંગ સંભવિતતાને કારણે પર્યાવરણને અનુકૂળ માનવામાં આવે છે?

(A) હાઇડ્રોક્લોરોફ્લરોકાર્બન (HCFC-22)

(B) હાઈડ્રોફ્લરોકાર્બન (HFC-410)A

(C) એમોનિયા (NH3)

(D) કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$)

26. પ્રેસર કુકરમાં ચોખા રાંધતી વખતે પાણીમાં મીઠું ઉમેરવા સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પાણીના ઉત્કલનબિંદુને વધારી ચોખાને ઝડપથી રાંધવામાં મદદ કરે છે.
2. પાણીના ઉત્કલનબિંદુને ઘટાડી ચોખાને વધુ રાંધતા અટકાવવામાં મદદ કરે છે.
3. રાંધતી વખતે ચોખામાં સ્વાદ ઉમેરવા માટે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 3

(D) ફક્ત 2 અને 3

27. સાઇક્રોમેટ્રિક ચાર્ટ માંથી કઈ માહિતી મેળવી શકાય છે?

(A) હવાનું દબાણ, હવાની ઘનતા અને પવનની ગતિ

(B) શુષ્ક બલ્બ તાપમાન, ભીના બલ્બનું તાપમાન અને સાપેક્ષ આર્દ્રતા

(C) વિશિષ્ઠ આર્દ્રતા, સાપેક્ષ આર્દ્રતા અને થર્મલ વાહક્તા

(D) હવાની રચના, અંગારવાયુનું સ્તર અને ઓઝોનની સાંદ્રતા

28. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાષ્ટ્રની સ્થિતિ (positioning), નેવિગેશન (Navigation) અને સમય (timing)ની જરૂરિયાતોને પહોંચી વળવા માટે, ISROએ ભારતીય નક્ષત્ર સાથે નેવિગેશન નામની પ્રાદેશિક નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ(NavIC)ની સ્થાપના કરી છે.
2. NavIC 7 ઉપગ્રહ અને 24×7 સંચાલિત ગ્રાઉન્ડ સ્ટેશનોના નેટવર્ક સાથે ડિઝાઇન કરવામાં આવી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

29. ગ્રીન હાઈડ્રોજન શું છે?
(A) પેટ્રોલિયમ આડપેદાશોનો ઉપયોગ કરીને રાસાયણિક પ્રક્રિયા દ્વારા ઉત્પાદિત હાઈડ્રોજન
(B) નવીનીકરણીય ઊર્જાસ્ત્રોતોનો ઉપયોગ કરીને પાણીના વિદ્યુત વિચ્છેદન દ્વારા ઉત્પન્ન થયેલ હાઈડ્રોજન
(C) સ્ટીમ મિથેન રીફોર્મિંગનો ઉપયોગ કરીને કુદરતી વાયુમાંથી ઉત્પાદિત હાઇડ્રોજન
(D) ઉચ્ચ-તાપમાન પરમાણુ રિએક્ટરમાં ઉત્પન્ન થતો હાઈડ્રોજન થાય છે

30. નીચેના પૈકી કયા શહેરમાં અટલ બિહારી બાજપાઈની 100મી જન્મજયંતી નિમિત્તે "સુશાસન પદયાત્રા" નું આયોજન કરવામાં આવ્યું હતું?
(A) ગાંધીનગર
(B) વડનગર
(C) દાંડી
(D) કરમસદ

31. ભારતીય વડાપ્રધાનની તાજેતરની મુલાકાત દરમિયાન કયા દેશે ભારત સાથે સંરક્ષણ અને ચાવીરૂપ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય કરારો પર હસ્તાક્ષર કરી તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીમાં ઉન્નત કર્યા?
(A) ઈજિપ્ત
(B) ઓમાન
(C) કુવૈત
(D) કતાર

32. પર્યાવરણને અનુકૂળ તેમજ ઓછા ખર્ચાળ (Cost effective ) એવા ભારતના પ્રથમ બાયો-બિટ્યુમન હાઇવેનું __________ બાયપાસ પર ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.
(A) નાગપુર-માનસર
(B) અંજાર-ગાંધીધામ
(C) ઉદેપુર-નાથદ્વારા
(D) વલસાડ-વાંકલ

33. ભારતની સર્વોચ્ચ અદાલતના નીચેના પૈકી કયા ભૂતપૂર્વ ન્યાયાધીશને તાજેતરમાં યુ.એન. ઇન્ટર્નલ જસ્ટિસ કાઉન્સિલ (IJC)ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે?
(A) ન્યાયાધીશ અનિરુદ્ધ બોઝ
(B) ન્યાયાધીશ મદન લોકુર
(C) ન્યાયાધીશ દીપક મિશ્રા
(D) ન્યાયાધીશ હિમા કોહલી

34. કયા દેશની મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ **U19 ACC** મહિલા **T20** એશિયા કપ જીત્યો છે?
(A) ભારત
(B) બાંગ્લાદેશ
(C) પાકિસ્તાન
(D) શ્રીલંકા

35. વિશ્વની સૌથી મોટી સિંગલ પેરા સ્પોર્ટ ઇવેન્ટ, પેરા એથ્લેટિક્સ વર્લ્ડ ચેમ્પિયનશિપ 2025માં __________ ખાતે યોજાશે.
(A) ટોક્યો
(B) પેરિસ
(C) કોબે
(D) નવી દિલ્હી

36. અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રમાં નોંધપાત્ર વિકાસના ભાગરૂપે નીચેના પૈકી કયા દેશે તાજેતરમાં નવ કલાકના સ્પેસવોક સાથે નવો વૈશ્વિક સ્પેસવોક રેકોર્ડ બનાવ્યો છે?
(A) રશિયા
(B) ભારત
(C) ચીન
(D) યુએસએ

37. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની વૈશ્વિક દીવાદાંડી સ્થાપિત કરવા માટે ભારતે તાજેતરમાં નવી દિલ્હી ખાતે વૈશ્વિક સાંસ્કૃતિક સીમાચિહ્ન તરીકે યુગ યુગીન ભારત રાષ્ટ્રીય સંગ્રહાલયની સ્થાપના કરવા માટે ___________ સાથે ભાગીદારી કરી છે.

(A) ઈજિપ્ત
(B) સિંગાપુર
(C) ફ્રાંસ
(D) યુએઇ

38. કિસાનકવચ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1.તે જંતુનાશક વિરોધી બોડીસૂટ છે, જે ખેડૂતોને જંતુનાશકના સંપર્કની હાનિકારક અસરોથી બચાવવા માટે બનાવવામાં આવ્યું છે.

2. તે ખેડૂતો માટે રૂપિયા બે લાખનું કવરેજ ધરાવતો વીમો છે.

3. ભારત સરકારના કૃષિ મંત્રાલય દ્વારા તેનું અનાવરણ કરવામાં આવ્યું છે.

4. ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય દ્વારા તેનું અનાવરણ કરવામાં આવ્યું છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 4
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 2 અને 4

39. નીચેના પૈકી કયા શહેરમાં ઉબર-Uberએ માત્ર મહિલા સવારો અને ચાલકો માટે 'મોટો વિમેન' ટેક્સી સેવા શરૂ કરી છે?

(A) પુણે
(B) મુંબઈ
(C) બેંગલુરુ
(D) હૈદરાબાદ

40. નીચેના પૈકી કયા દેશે પર્યાવરણને અનુકૂળ ઉત્પાદન પહેલ તરીકે નવા ઉત્સર્જન ધોરણો અને સ્ટાર રેટિંગ સિસ્ટમ સાથે "ગ્રીન સ્ટીલ"ને વ્યાખ્યાયિત કર્યું છે?

(A) જર્મની
(B) યુએસએ
(C) જાપાન
(D) ભારત

41. 'જલવાહક' યોજના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જલવાહક યોજના મુખ્ય નદી ઉપર આંતરિક જળમાર્ગો અને કાર્ગો પરિવહનને પ્રોત્સાહન આપવા શરૂ કરવામાં આવી હતી.

2. તેમાં ગંગા, બ્રહ્મપુત્ર અને બરાક નદી પરના જળમાર્ગોનો સમાવેશ થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

42. "રાજમાર્ગ સાથી" વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તે ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણની પ્રતિકરણ પહેલ છે.
2. તે ભારતના વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળની પહેલ છે.
3. તેનો મુખ્ય ધ્યેય ટ્રાફિક વિક્ષેપોને ઘટાડવા તેમજ રસ્તાની જાળવણીમાં સુધારો કરવાનો છે.
4. તેનું મુખ્ય ધ્યેય હાઇવે અકસ્માતમાં મૃત્યુ માટે વીમા કવરેજ પ્રદાન કરવાનો છે.
ઉપર પૈકી કયાં વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 1 અને 4
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 2 અને 4

43. સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની દિશામાં ભારતની બ્રહ્મોસ મિસાઈલ ની માંગ વધી છે કારણ કે વિયેતનામ અને ફિલિપાઇન્સ પછી તેને ખરીદનાર ________ ત્રીજો દેશ બન્યો છે.
(A) ઈરાન
(B) ઈરાક
(C) ઈન્ડોનેશિયા
(D) ઈજિપ્ત

44. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો અને આદિજાતિ આશ્રમશાળાઓની કિશોરવયની કન્યાઓને ગુણવત્તાયુક્ત STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ) શિક્ષણ આપવાના ઉદ્દેશ્ય સાથે ભારતમાં યુનિસેફ (UNICEF) અને ________એ તેમની ભાગીદારીની જાહેરાત કરી છે.
(A) ટોયોટો
(B) બીએમડબલ્યુ
(C) ટાટા
(D) હોન્ડા

45. કુલ વસ્તીમાં અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી સૌથી વધુ કયા રાજ્યમાં છે?
(A) હિમાચલપ્રદેશ
(B) કર્ણાટક
(C) પંજાબ
(D) ઉત્તરપ્રદેશ

46. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?
(A) વિશ્વમાં સૌથી વધુ કાંપ ગંગા નદીમાંથી નીકળે છે.
(B) વિશ્વમાં સૌથી ઝડપી મુખત્રિકોણપ્રદેશનું નિર્માણ ગંગા નદી કરે છે.
(C) ગંગાનો મુખત્રિકોણપ્રદેશ મેન્ગ્રુવ જંગલની લાક્ષણિકતા ધરાવે છે.
(D) ગંગાના મેદાનમાં વારંવાર પૂર આવે છે.

47. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન આસામમાં આવેલું છે.
2. તે સફેદવાઘ સંરક્ષણ માટે વિકસાવવામાં આવેલું હતું.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

48. આંધ્રપ્રદેશનું સૌથી ઊંચું શિખર કયું છે? Cancelled
(A) આરોયા-કોન્ડા
(B) મહાબળેશ્વર
(C) મહેન્દ્રગિરિ
(D) સાતમાલા

49. નીચેનામાંથી ભારતનું કયું રાજ્ય કાચા રેશમનું અગ્રણી ઉત્પાદક છે?
(A) આંધ્રપ્રદેશ
(B) કર્ણાટક
(C) તમિલનાડુ
(D) પશ્ચિમ બંગાળ

50. આર્કિયન (પુરાતત્વીય) ખડકો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. આર્કિયન (પુરાતત્વીય) ખડકોને પાયાના સંકુલ તરીકે ઓળખવામાં આવે છે.
2. તેઓ ઉચ્ચપ્રદેશો અને ગેડપર્વતોનો પાયો (આધાર) બનાવે છે.
3. ભારતના સૌથી જૂના ખડકો આર્કિયન જૂથના છે.
ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

51. ભારતનાં રાજ્યો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. રાજસ્થાન એ ક્ષેત્રફળની દ્રષ્ટીએ ભારતનું સૌથી મોટું રાજ્ય છે.
2. ભારતમાં સૌથી વધુ વસ્તીગીચતા ધરાવતું રાજ્ય પશ્ચિમ બંગાળ છે.
3. કેરાલા એ ભારતનું સૌથી વધુ સ્ત્રી-પુરુષ પ્રમાણ ધરાવે છે.
ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?
(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

52. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી?
(A) લાનક-લા – લદાખ
(B) બોમડી-લા - સિક્કિમ
(C) માના ઘાટ - ઉત્તરાખંડ
(D) શિપ્કી-લા -હિમાચલપ્રદેશ

53. નીચેનામાંથી પશ્ચિમથી પૂર્વ તરફ શિખરોને ગોઠવો:
1. કાંચનજંઘા
2. મકાલુ
3. માઉન્ટ એવરેસ્ટ
4. નંદાદેવી
નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 4, 2, 3, 1
(B) 4, 3, 1, 2
(C) 4, 3, 2, 1
(D) 4, 1, 3, 2

54. લોકટક સરોવર કયા રાજ્યમાં આવેલું છે?
(A) આંધ્રપ્રદેશ
(B) કેરાલા
(C) મણિપુર
(D) ઉત્તરાખંડ

55. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી?
(A) બોન્ગાઈગાંવ – આસામ
(B) કોયલી – ગુજરાત
(C) કોચી – કર્ણાટક
(D) હલ્દિયા – પશ્ચિમ બંગાળ

56 નીચે આપેલા જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| ક (નદી) | ખ (ઉદ્ભવ સ્થાન) |
|---|---|
| a. બ્રહ્મપુત્રા | 1. બોખરચૂ હિમનદી |
| b. સિંધુ | 2. ગૌમુખ હિમનદી |
| c. અલકનંદા | 3. ચેમ્યુનડુંગ હિમનદી |
| d. ભાગીરથી | 4. સતોપથ હિમનદી |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 4 | 2 |
| (B) | 3 | 1 | 2 | 4 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 1 | 3 | 4 | 2 |

57. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી?

(A) ભોરઘાટ – ગુજરાત

(B) ગોરનઘાટ – રાજસ્થાન

(C) પાલઘાટ – તમિલનાડુ

(D) થળઘાટ – મહારાષ્ટ્ર

58. ભારતની નદીઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચંબલ યોજના એ રાજસ્થાન અને મધ્યપ્રદેશ સરકારનું સંયુક્ત સાહસ છે.

2. મહા નદી પર હિરાકુંડ બંધ આવેલો છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

59. કોલસા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. એન્થ્રેસાઇટ સૌથી સખત કોલસો છે.

2. ધાતુશાસ્ત્રમાં સૌથી લોકપ્રિય કોલસો બિટુમિનસ છે.

3. બિટુમિનસ એ સખત કોલસો ગણાય છે.

4. કોક એ બિટુમિનસમાંથી તૈયાર થાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 1, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 4
(D) 2, 3 અને 4

60. ભારતના બંધારણમાં બિનસાંપ્રદાયિક્તાના સિદ્ધાંતોનો સમાવેશ નીચે પૈકી શામાં થયેલ છે?
1. મૂળભૂત અધિકારો
2. આમુખ
નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

61. સમાનતાનો મૂળભૂત અધિકાર નીચે પૈકી શામાં સમાવિષ્ટ છે?
1. શૈક્ષણિક સંસ્થાઓ તથા નોકરીઓમાં અનામતની જોગવાઈ
2. અસ્પૃશ્યતા નાબૂદી
નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

62. નીચેનામાંથી શાનો મૂળભૂત અધિકારોમાં સમાવેશ થતો નથી?
(A) મિલકતનો અધિકાર
(B) જીવવાનો અધિકાર
(C) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર
(D) વાણી સ્વાતંત્ર્યનો અધિકાર

63. રાષ્ટ્રપતિની ચૂંટણી કરતા મતદારમંડળમાં નીચે પૈકી કોનો સમાવેશ થાય છે?
1. રાજ્યસભાના ચૂંટાએલા સભ્યો
2. દિલ્હી અને પુડુચેરી વિધાનસભાના ચૂંટાએલા સભ્યો
નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

64. રાષ્ટ્રપતિની સત્તાઓમાં નીચે પૈકી શાનો સમાવેશ થાય છે?
1. લોકસભાનું સત્ર બોલાવવાની સત્તા
2. વડાપ્રધાનને નિમવાની સત્તા
નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

65. ભારતની ન્યાયપાલિકા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

2. રાજ્યની વડી અદાલતના ન્યાયમૂર્તિઓની નિમણૂક રાજ્યપાલ દ્વારા કરવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

66. બંધારણીય સુધારા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. કેટલાક સુધારાઓ સાદી બહુમતીથી અને કેટલાક સુધારાઓ ખાસ બહુમતીથી કરી શકાય છે.

2. કેટલાક સુધારાઓમાં ખાસ બહુમતી ઉપરાંત બે તૃતીયાંશ રાજ્યોની સંમતીની પણ આવશ્યકતા રહે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

67. કટોકટી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાષ્ટ્રીય કટોકટી રાષ્ટ્રપતિ દ્વારા લાદવામાં આવે છે.

2. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના આદેશમાં રાષ્ટ્રપતિની કોઈ ભૂમિકા હોતી નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

68. રાજ્યના મુખ્યમંત્રી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેમની નિમણૂક વડાપ્રધાન દ્વારા કરવામાં આવે છે.

2. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

69. લોકસભાના સ્પીકર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેઓની નિમણૂક લોકસભાના બહુમતી ધરાવતા પક્ષના નેતા દ્વારા કરવામાં આવે છે.
2. તેઓને લોકસભાના સભ્યો દ્વારા ચૂંટી કાઢવામાં આવે છે.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

70. ઉપરાષ્ટ્રપતિની લાયકાત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
2. તેઓ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાવા લાયક હોવા જોઈએ.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

71. નીચેનામાંથી કોને ભારતીય બંધારણીય વ્યવસ્થાના સમવાયી લક્ષણો ગણાવી શકાય?
1. એક જ નાગરિકત્વ
2. લેખિત બંધારણ
નીચે પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

72. રાષ્ટ્રીય કટોકટી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:
1. પ્રથમ વાર રાષ્ટ્રીય કટોકટી 1975માં લાદવામાં આવી હતી.
2. 1975 પછી ક્યારેય રાષ્ટ્રીય કટોકટી લાદવામાં આવેલ નથી.
ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

73. છોકરાઓની એક હારમાં A ડાબા છેડાથી 16મો છે અને V જમણા છેડાથી 18મો છે. G એ A થી જમણી બાજુએ 11મો છે અને V થી જમણી બાજુએ 3જા સ્થાન પર છે. હારમાં કેટલા છોકરાઓ હશે?
(A) 40
(B) 42
(C) 39
(D) 41

74. છ મહિલાઓના જૂથમાં ચાર નૃત્યાંગનાઓ, ચાર ગાયિકાઓ, એક અભિનેત્રી અને ત્રણ વાયોલિનવાદિનીઓ છે. ગીરિજા અને વનજા વાયોલિનવાદિનીઓ છે, જ્યારે જલજા અને શૈલજા વાયોલિન વગાડતા નથી. શૈલજા અને તનુજા નૃત્યાંગનાઓ છે. જલજા, વનજા, શૈલજા અને તનુજા બધી ગાયિકાઓ છે અને તેમાંથી બે પણ વાયોલિનવાદિનીઓ છે. જો પૂજા એક અભિનેત્રી છે, તો નીચેનામાંથી કોણ નિશ્ચિતરૂપે નૃત્યાંગના અને વાયોલિનવાદિની છે?

(A) જલજા
(B) વનજા
(C) શૈલજા
(D) તનુજા

75. જો કોઈ ચોક્કસ વર્ષમાં 12 જાન્યુઆરી રવિવાર હોય, તો નીચેનામાંથી કયું સાચું છે?

(A) જો વર્ષ લીપ વર્ષ હોય તો 15 જુલાઈ રવિવાર છે.
(B) જો વર્ષ લીપ વર્ષ ન હોય તો 15 જુલાઈ રવિવાર છે.
(C) જો વર્ષ લીપ વર્ષ હોય તો 12 જુલાઈ રવિવાર છે.
(D) જો વર્ષ લીપ વર્ષ હોય તો 12 જુલાઈ રવિવાર નથી.

76. જો P, Q, R, S અને T એ પાંચ નિવેદનો છે જેમ કે:

I. જો P સાચું છે, તો Q અને S બંને સાચા છે.
II. જો R અને S સાચા છે, તો T ખોટું છે.

નીચેનામાંથી કયું તારણ કાઢી શકાય?

1. જો T સાચું છે, તો P અથવા R માંથી ઓછામાં ઓછું એક ખોટું હોવું જોઈએ.
2. જો Q સાચું છે, તો P સાચું છે.

નીચે આપેલા કોડનો ઉપયોગ કરીને સાચો જવાબ પસંદ કરો.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) 1 કે 2 પૈકી કોઈ નહીં

77. શહેરો X, Y અને Z એવી રીતે આવેલા છે કે X અને Y વચ્ચેનું અંતર 45 કિમી છે, જ્યારે X અને Z વચ્ચેનું અંતર 60 કિમી છે. Y એ X થી પૂર્વમાં છે, અને Z એ X થી દક્ષિણમાં છે. Y અને Z વચ્ચેનું અંતર શું છે?

(A) 45 કિમી
(B) 60 કિમી
(C) 75 કિમી
(D) 105 કિમી

78. અમિત, ભરત, ચેતન અને દીપક એક રેસ્ટોરન્ટમાં ગયા અને જુદા જુદા ખોરાકનો ઓર્ડર આપ્યો. અમિતે પાસ્તા અને સલાડ ખાધું, ભરતે પાસ્તા અને સૂપ ખાધું, ચેતને સૂપ, સલાડ અને બ્રેડ ખાધું, જ્યારે દીપકે પાસ્તા, બ્રેડ અને સલાડ ખાધું. ખાધા પછી, માત્ર ભરત અને ચેતન બીમાર પડ્યા. આ માહિતીના આધારે, કયો ખોરાક તેમની બીમારી માટે સૌથી વધુ જવાબદાર હતો?

(A) પાસ્તા
(B) સલાડ
(C) સૂપ
(D) બ્રેડ

79. કરિયાણાની દુકાનના માલિક ભાવમાં થતા વધઘટના આધારે ખરીદેલા લોટની માત્રાને સમાયોજિત કરે છે. પ્રતિ કિલો લોટના ભાવ અને ખરીદેલી રકમ વચ્ચેનો સંબંધ નીચે મુજબ છે:

30 રૂપિયા પ્રતિ કિલોના ભાવે, તેઓ 100 કિલો લોટ ખરીદે છે.

40 રૂપિયા પ્રતિ કિલોના ભાવે, તેઓ 75 કિલો લોટ ખરીદે છે.

50 રૂપિયા પ્રતિ કિલોના ભાવે, તેઓ 60 કિલો લોટ ખરીદે છે.

60 રૂપિયા પ્રતિ કિલોના ભાવે, તેઓ 50 કિલો લોટ ખરીદે છે.

જો લોટનો ભાવ પ્રતિ કિલોના ભાવે 25 રૂપિયા સુધી ઘટે છે, તો કરિયાણાની દુકાનના માલિક કેટલો લોટની ખરીદી કરી શકે છે?

(A) 105 કિલો
(B) 102 કિલો
(C) 115 કિલો
(D) 120 કિલો

80. ચાર રસોઈયા - A, B, C, અને D - એક રેસ્ટોરન્ટના રસોડામાં સાથે કામ કરે છે, અને જૂથમાં બે પરિણીત યુગલો છે. દરેક સ્ત્રી તેના પતિ કરતા નાની છે. ચારમાંથી A સૌથી ઉંચો છે. C એ B કરતા ઉંચો છે. D એ B નો ભાઈ છે. આ સંદર્ભમાં, નીચેનામાંથી કયું વિધાન સાચું નથી? Cancelled

(A) ચારેય સાથીદારો છે.
(B) B ચારમાંથી સૌથી નાનો છે.
(C) B એ C કરતા નીચો છે.
(D) A અને B પરિણીત છે.

81. ચાર મિત્રો 'અ', 'બ', 'ક' અને 'ડ' વચ્ચેની મનોરંજક દોડમાં, દરેકની પોતાની દોડવાની ઝડપ છે, જે દોડમાં 'અ' એ 'બ' ની આગળ દોડે છે, 'ક ' એ 'ડ' કરતાં ધીમો છે અને 'ડ ' એ 'બ' જેટલો ઝડપી નથી. શું તમે શોધી શકો છો કે આ દોડમાં સૌથી ધીમો દોડવીર કોણ છે?

(A) અ
(B) બ
(C) ક
(D) ડ

82. એક ફેક્ટરીમાં, 40 કામદારો એસેમ્બલી લાઇન તરફ મોં રાખીને એક લાઈનમાં ઉભા છે. અમિત ડાબી બાજુથી 11મો કામદાર છે, અને સંજય જમણી બાજુથી 31મો કામદાર છે. શ્રેયા લાઈનમાં અમિતની જમણી બાજુએ ત્રીજી છે. તો એસેમ્બલી લાઇન શ્રેયા સંજયથી કેટલે દૂર હશે?

(A) જમણી બાજુએ બીજો
(B) જમણી બાજુએ ત્રીજો
(C) જમણી બાજુએ ચોથો
(D) જમણી બાજુએ પાંચમો

83. એક વૈશ્વિક કંપનીમાં, ભારતમાં કામના કલાકો લંડનના કામના કલાકો કરતાં 5 કલાક અને 30 મિનિટ આગળ છે. પાકિસ્તાનમાં કામના કલાકો ભારત કરતાં 30 મિનિટ પાછળ છે. જો લંડનની ઘડિયાળમાં સાંજના 3:30 વાગ્યા હોય, તો પાકિસ્તાનમાં કેટલા વાગ્યા હશે?

(A) રાત્રે 10:30 વાગ્યા

(B) રાત્રે 8:30 વાગ્યા

(C) રાત્રે 08:00 વાગ્યા

(D) રાત્રે 9:30 વાગ્યા

84. 50 વ્યક્તિઓની દૈનિક આવક (રૂપિયામાં) આ મુજબ છે, 12 વ્યક્તિઓ રૂ. 200 થી ઓછી કમાણી કરે છે, 26 વ્યક્તિઓ રૂ. 250 થી ઓછી કમાણી કરે છે, 34 વ્યક્તિઓ રૂ. 300 થી ઓછી કમાણી કરે છે, 40 વ્યક્તિઓ રૂ. 350 થી ઓછી કમાણી કરે છે અને 50 વ્યક્તિઓ રૂ. 400 થી ઓછી કમાણી કરે છે. આ પરથી શોધો કે કેટલા વ્યક્તિઓ રૂ. 200 અથવા વધુ પણ રૂ. 300 થી ઓછી કમાણી કરે છે?

(A) 18 (B) 20

(C) 22 (D) 24

85. એક ફેક્ટરીમાં, બે મશીનો, R અને S, અલગ અલગ લંબાઈના લોખંડના સળીયાનું ઉત્પાદન કરે છે. મશીન R દ્વારા ઉત્પાદિત દરેક લોખંડના સળીયાની લંબાઈ હંમેશા 5 સેમીનો ગુણાંક હોય છે, અને તે જ મશીન S માટે પણ લાગુ પડે છે. આ માહિતી આપીને, નીચેનામાંથી કયું મશીનો દ્વારા ઉત્પાદિત લોખંડના સળીયાની લંબાઈ વિશે સાચું નથી?

(A) R અને S માંથી લોખંડ ના સળીયા ની લંબાઈ વચ્ચેનો તફાવત હંમેશા 5 સેમીનો ગુણાંક છે.

(B) R અને S માંથી મળેલા લોખંડ ના સળીયાની કુલ લંબાઈ હંમેશા 10 સેમીનો ગુણાંક છે.

(C) R અને S માંથી લોખંડના સળીયાની લંબાઈનો ગુણાકાર હંમેશા 25 સેમીનો ગુણાંક છે.

(D) R અને S માંથી લોખંડના સળીયાની લંબાઈના વર્ગોનો સરવાળો હંમેશા 5 સેમીનો ગુણાંક છે.

86.

| | | |
|---|---|---|
| 4 | 256 | 9 |
| 5 | 340 | 2 |
| 7 | 109 | X |

ઉપરના કોષ્ટકમાં X ની જગ્યા પર નીચેમાંથી કઈ કિંમત આવશે?

(A) 4 (B) 2

(C) 3 (D) 1

87. ચાર કર્મચારી 'અ', 'બ', 'ક', અને 'ડ' ને એક કૉન્ફરન્સ હોલ પહોંચવા માટે એક અંધકારમય બેસમેન્ટમાંથી પસાર થવું પડે છે, જ્યાં એક સમયે વધુમાં વધુ બે લોકો જ જઈ શકે. બેસમેન્ટ અંધકારમય હોવાથી, રસ્તો શોધવા માટે માત્ર એક જ ટોર્ચ છે, જે સાથે લઈ જવી આવશ્યક છે. જોડીમાં એક વ્યક્તિ ધીમી ગતિએ ચાલશે, અને બેસમેન્ટ પાર કર્યા પછી ઝડપથી ચાલનાર વ્યક્તિ ટોર્ચ પાછી લાવશે જેથી અન્ય કર્મચારીઓ બીજે પાર જઈ શકે. આખરે, ટોર્ચ મૂળ સ્થાન પર પાછી આપવી પડશે, અને જે કર્મચારી ટોર્ચ પાછી આપે છે, તેને ટોર્ચ વગર બેસમેન્ટ પાર કરવું પડશે. દરેક કર્મચારીનો બેસમેન્ટ પાર કરવાનો સમય આ મુજબ છે: 'અ' ને 1 મિનિટ, 'બ' ને 2 મિનિટ, 'ક' ને 7 મિનિટ, 'ડ' ને 12 મિનિટ. તો બધા કર્મચારીઓને બેસમેન્ટ પાર કરવામાં કુલ ન્યૂનતમ કેટલો સમય લાગશે?

(A) 25 મિનિટ (B) 29 મિનિટ

(C) 21 મિનિટ (D) 24 મિનિટ

88. WIPOના 2024 વર્લ્ડ ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ઇન્ડિકેટર્સ રિપોર્ટના આધારે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) પેટન્ટ, ટ્રેડમાર્ક અને ઔદ્યોગિક ડિઝાઇન માટે ભારત વૈશ્વિક સ્તરે ટોચના દસમાં સ્થાન ધરાવે છે.

(B) ટોચના 20 દેશોમાં ભારતે પેટન્ટ અરજીઓમાં સૌથી વધુ વૃદ્ધિ દર નોંધ્યો છે.

(C) વૈશ્વિક પેટર્ન ફાઇલિંગમાં ભારત છઠ્ઠા ક્રમે છે.

(D) ટ્રેડમાર્ક ફાઇલિંગમાં ભારત વૈશ્વિક સ્તરે પાંચમા ક્રમે છે.

89. ભારતમાં નીચેનામાંથી કયું કામદારોને રોજગારી આપતી ફેક્ટરીઓમાં ઔદ્યોગિક વિવાદો અને છટણી અંગેની માહિતીનું સંકલન કરે છે?

(A) સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક્સ ઓફિસ

(B) ડિપાર્ટમેન્ટ ફોર પ્રોમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ

(C) લેબર બ્યૂરો

(D) નેશનલ ટેકનિકલ મેનપાવર ઇન્ફર્મેશન સિસ્ટમ

90. ભારતમાં જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. WPI ફુગાવાને માપવા માટે વિવિધ પ્રકારની આશરે 700 વસ્તુઓને ધ્યાનમાં લે છે.

2. WPI સેવાઓને ધ્યાનમાં લેતું નથી.

3. ફુગાવાને માપવા માટે WPI વસ્તુઓના એક્સ-ફેક્ટરી ભાવનો ઉપયોગ કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 1 અને 2

(C) 1, 2 અને 3

(D) ત્રણેમાંથી એક પણ નહિ

91. તાજેતરના સમયમાં મોંઘવારી અંકુશમાં લેવા માટે સરકાર દ્વારા નીચેનામાંથી કયું પગલું લેવામાં આવ્યું નથી?

(A) સ્થાનિક બજારમાં પુરવઠો વધારવા માટે અમુક વસ્તુઓની નિકાસ પર પ્રતિબંધ

(B) ખાદ્ય તેલ અને તેલીબિયાં જેવી વિવિધ વસ્તુઓ પર સ્ટોક હોલ્ડિંગ મર્યાદા લાદવી

(C) ટામેટા ડુંગળી બટાકા (TOP)થી માંડી કુલ 41 નાશવંત કૃષિ ઉત્પાદન સુધી ગ્રીન ઓપરેશનનો વિસ્તરણ

(D) ઉપરોક્તમાંથી કોઈ નહીં

92. ભારતમાં કરવેરા સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A) કૃષિ આવકવેરો એ કેન્દ્ર સરકારનો કર છે.

(B) બિન-ખેતીની જમીનો પરનો કર એ સ્થાનિક સરકારનો કર છે.

(C) વ્યવસાય કરવેરો એ કેન્દ્ર સરકારનો કર છે.

(D) સ્ટેમ્પ ડ્યુટી એ સ્થાનિક સરકારનો કર છે.

93. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. RBI જાહેર દેવા બજારનું નિયમનકાર છે.

2. RB તે તમામ ડેરિવેટિવ્ઝનું નિયમન કરે છે, જે SEBI દ્વારા નિયંત્રિત નથી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

94. ભારતમાં ફુગાવાના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે?

(A) ફુગાવાને નિયંત્રિત કરવાની જવાબદારી માત્ર ભારત સરકારની છે.

(B) ફુગાવા નિયંત્રણમાં આરબીઆઈ(RBI)ની કોઈ ભૂમિકા નથી.

(C) નાણાનું પરિભ્રમણ ઘટવાથી ફુગાવાને નિયંત્રિત કરવામાં મદદ મળે છે.

(D) નાણા પરિભ્રમણમાં વધારો ફુગાવાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

95. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગુ કરવાના સંભવિત ફાયદા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. GST બહુવિધ સત્તાવાળાઓ દ્વારા એકત્ર કરાયેલા બહુવિધ કરનું સ્થાન લેશે અને ભારતમાં એક જ બજારનું નિર્માણ કરશે.

2. GST ભારતની ચાલુ ખાતાની ખાધમાં ધરખમ ઘટાડો કરશે અને તે તેના વિદેશી હુંડિયામણ ભંડોળને વધારવા માટે સક્ષમ બનાવશે.

3. GST ભારતના અર્થતંત્રના વૃદ્ધિ અને કદમાં ભારે વધારો કરશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

96. ભારતમાં બજેટ સંબંધિત નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) નાણામંત્રાલય હેઠળ આર્થિક બાબતોના વિભાગમાં આવેલ બજેટ વિભાગ, સામાન્ય બજેટની તૈયારી માટે મુખ્ય એજન્સી છે.

(B) વચગાળાનું બજેટ સામાન્ય રીતે સરકાર દ્વારા તેના કાર્યકાળના અંતિમ વર્ષ દરમિયાન અથવા જ્યારે સામાન્ય ચૂંટણી આવી રહી હોય ત્યારે રજૂ કરવામાં આવે છે.

(C) રાજ્યસભા પાસે અનુદાનની માંગણીઓ (Demands For Grants) પર મતદાન કરવાની સત્તા નથી.

(D) રાષ્ટ્રપતિ ફાઇનાન્સ બીલને તેમની સંમતિ માટે મોકલવામાં આવે ત્યારે તેને નકારી શકે છે.

97. ભારતમાં નાણાંપંચના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતીય બંધારણ એક અર્ધ-ન્યાયિક સંસ્થા તરીકે નાણાપંચની જોગવાઈ કરે છે.
2. નાણાપંચની રચના રાષ્ટ્રપતિ દ્વારા દર પાંચમા વર્ષે અથવા એવા તબક્કે કરવામાં આવે છે જ્યારે તેઓને જરૂરી લાગે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

98. સર્વ સમાવેશક વૃદ્ધિમાં નીચેનામાંથી શેનો સમાવેશ થતો નથી?

(A) ગરીબીમાં ઘટાડો
(B) રોજગારીની તકોનું વિસ્તરણ
(C) મૂડી બજારનું મજબૂતીકરણ
(D) લિંગ અસમાનતામાં ઘટાડો

99. આરબીઆઈ(RBI)ની નીચેની પ્રવૃત્તિઓમાંથી કઈ એક 'સ્ટરીલાઈઝેશન'નો એક ભાગ માનવામાં આવે છે?

(A) ખુલ્લા બજારની નીતિ હાથ ધરવી
(B) પતાવટ/સેટલમેન્ટ અને ચુકવણી પ્રણાલીઓની દેખરેખ
(C) કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે દેવા તથા રોકડનું વ્યવસ્થાપન
(D) બિન બેન્કિંગ નાણાકીય સંસ્થાઓના કાર્યોનું નિયમન કરવું

100. ભારતમાં શહેરી સહકારી બેન્કો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ બેંકો બેવડા નિયમનકારી નિયંત્રણ હેઠળ છે.
2. આ બેંકોના સંચાલકીય પાસાંઓનું રાજ્ય સરકારો દ્વારા અને બેન્કિંગ સંબંધિત બાબતોનું આરબીઆઈ(RBI) દ્વારા નિયમન થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ